# કોરોના સંક્રમણ વચ્ચે રેમડેસિવીર ઈન્જેક્શન ગાયબ, ગુજરાતમાં સંગ્રહાખોરી, કાળાબજાર

## સી.આર. પાટીલ પાસે ક્યાંથી આવ્યા તે બાબત દૂર રાખીએ તો પણ એચ.જી. કોશિયા શંકાના દાયરામાં આવ્યા છે, ડ્રગ કન્ટ્રોલર ઓફ ઇન્ડિયાનો સ્ફોટક પત્ર

કોરોના સંક્રમણ સમયે અતિ મહત્વના કહેવાતા રેમડેસિવીર ઈન્જેક્શનના જથ્થા અંગે ગુજરાતમાં ઉભી થયેલી પરિસ્થિતિ વચ્ચે આખો મામલો દિલ્હી દરબારમાં પહોંચ્યો છે. રાજ્યમાં આ ઈન્જેક્શનના કાળાબજાર અને સંગ્રહાખોરી થઈ રહી હોવાના અહેવાલ વચ્ચે ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે સુરતમાં વહેંચેલા ૫૦૦૦ ઈન્જેક્શન ટીકાને પાત્ર બન્યાં છે.

ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વિના આટલો મોટો જથ્થો પાર્ટીના કાર્યાલયમાં ક્યાંથી આવ્યો તેની તપાસ થશે કે કેમ તેની શંકા છે. જો તપાસ થશે તો પણ ભીનું સંકેલવામાં આવવાની સંભાવના એટલા માટે છે કે ઈન્જેક્શનના જથ્થાનો સંગ્રહ કરવાનો આરોપ ખુદ ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ પર લાગેલો છે. રાજ્યભરમાં લોકો તેમના સ્નેહીજનોને બચાવવા માટે રેમડેસિવીર ઈન્જેક્શન લેવા માટે પડાપડી કરી રહ્યાં છે ત્યારે ભાજપના કાર્યાલયમાં તે વહેંચવામાં આવી રહ્યાં છે. લોકોના પ્રત્યાઘાત એવાં છે કે અમને ઈન્જેક્શન મળતા નથી ત્યારે ભાજપના નેતાઓ ખુદ પાર્ટીના કાર્યાલય પર ઈન્જેક્શનનું વિતરણ કરી રહ્યાં છે.

ગુજરાતમાં સરકારી દાવા વચ્ચે ઈન્જેક્શનની તંગી સર્જાઇ છે તે હકીકત છે. ઝાયડસ હોસ્પિટલે પણ આ ઈન્જેક્શનનું વિતરણ બંધ કર્યું છે. સરકાર પુરતો જથ્થો હોવાની બડાઈ મારી રહી છે પરંતુ દર્દીઓ માટે લોકોને આખા દિવસની રઝળપાટ છતાં ઈન્જેક્શન મળતું નથી. ગુજરાતમાં રેમડેસિવીર ઈન્જેક્શનની અછતનો મુદ્દો હવે દિલ્હી સુધી પહોંચ્યો છે.

ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયાના વીજી સોમાણીએ ગુજરાતના ડ્રગ કંટ્રોલર એચજી કોશિયાને સ્ફોટક પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે ગુજરાત સહિત ત્રણ રાજ્યોમાં ઈન્જેક્શનની અછતનો ઉલ્લેખ કરી ઈન્જેક્શનના મેનેજમેન્ટ સામે સવાલો ઉઠાવ્યા છે.

ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયાના સોમાણીએ જણાવ્યું કે ગુજરાતના ત્રણ શહેરો અમદાવાદ, સુરત અને રાજકોટમાં ઈન્જેક્શનની મોટા પાયે અછત પ્રવર્તી રહી છે. રેમડેસિવીર ઈન્જેક્શનની અછતને કારણે ઈન્જેક્શનની સંગ્રહખોરી અને કાળાબજારી થઈ રહી છે. આ પત્ર બાદ ગુજરાતના ડ્રગ કંટ્રોલર એચજી કોશિયા સામે ટૂંક સમયમાં મોટા પગલાં લેવાય તેવા એંધાણ છે.

એચજી કોશિયાની નીતિ અને મિસમેનેજમેન્ટના કારણે ગુજરાતની સામાન્ય જનતા અને સરકાર બંને પરેશાન છે. પાર્ટીના કાર્યાલય પર વહેંચાઈ રહેલા ઈન્જેક્શન બાબતે કોશિયા ચૂપ બેઠાં છે ત્યારે દિલ્હીથી તેમના પર તવાઈ આવી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તો એમ કહી આ ઘટનાનો છેદ ઉડાવી દીધો હતો કે સુરતમાં પાર્ટીના કાર્યાલય કમલમમાં ઈન્જેક્શન વહેંચાયા છે તે ક્યાંથી આવ્યા છે. આ અંગે પાર્ટી પ્રમુખ સીઆર પાટીલ જ કહી શકે છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં રેમડેસિવિર ઈંજેકશનની અછત વચ્ચે ગુજરાતમાં આજે વધુ ૨૪,૬૮૭ રેમડેસિવીર ઈન્જેક્શન ઉપલબ્ધ થયા છે. આખા માર્ચ દરમિયાન ગુજરાતમાં ૧,૬૩,૭૧૬ રેમડેસિવીરનો ઉપયોગ થયો છે. જ્યારે એપ્રિલના આ નવ દિવસોમાં જ ૧,૭૦,૭૩૮ ઈન્જેક્શન્સ ઉપલબ્ધ કરાવાયા છે.

મહત્વનું છેકે સીએમ અને ડે.સીએમની ઉપસ્થિતિમાં કોર કમિટીની બેઠકમાં રેમડેસિવીર ઈન્જેક્શન્સની સમીક્ષા કરવામાં આવી હતી. હાલમાં રેમડેસિવીર ઈન્જેક્શન્સનો વપરાશ ખૂબ જ વધ્યો છે. જેથી રાજ્ય સરકારે ૩ લાખ ઈન્જેક્શન્સ ખરીદવાનો ઓર્ડર આપ્યો છે. ભારતમાં રેમડેસિવીર ઈન્જેક્શન્સના માત્ર છ ઉત્પાદકો છે, જે તમામ મળીને પ્રતિદિન ચાર લાખ ઈન્જેક્શન્સનું ઉત્પાદન કરે છે.

# ગાંધીનગરમાં રેમડેસિવિરની અછતથી અફડાતફડીનો માહોલ

## શહેરની એક પણ મેડિકલ દુકાનો પર ઇન્જેકશન ઉપલબ્ધ નથી : દર્દીઓના સગા સંબંધીઓનો રઝળપાટ : કોરોનાના વધતા કહેર વચ્ચે નગરજનોમાં નવો કકળાટ

ગાંધીનગર તા ૧૦

કોરોનાએ આતંક મચાવ્યો છે. ગાંધીનગરમાં પણ કોરોનાનુ સતત વધતુ સંક્રમણ સૌ કોઈ માટે ઘેરી ચિંતાનુ કારણ બન્યુ છે. બીજીતરફ કોરોનાના દર્દીઓમાં ફેફસામાં વધતા ઈન્ફેકશન માટે સારવારના ઉપયોગમાં લેવાતા રેમડેસિવિર ઈન્જેકશન ન મળતુ હોવાનો જનઆક્રોશ પણ ચરમસીમાએ છે. ગાંધીનગરના એકપણ મેડિકલ સ્ટોર્સ પર આ ઈન્જેકશન ઉપલબ્ધ નથી જયારે બીજીતરફ ખાનગી હોસ્પિટલમાં ઓકિસજનની સુવિધા ધરાવતા બેડ પણ ખાલી નથી કોરોનાના વધતા કહેર વચ્ચે રેમડેસિવિર દવા અને હોસ્પિટલમાં બેડની ઉપલબ્ધિના અભાવે શહેરમાં અફડાતફડીનો માહોલ જોવા મળી રહ્યો છે. કોરોના કહેરથી ફફડતા દર્દીના સગાવહાલાઓ પણ દિવસ દરમિયાન સતત ઈન્જેકશન મેળવવા લાચાર સ્થિતિ વચ્ચે ધક્કે ચઢી રહ્યા છે.

સમગ્ર રાજયમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. જયારે કોરોનાના સંક્રમણ દરમિયાન દર્દીઓમાં ઓકિસજનની માત્રા ઘટતા હોસ્પિટલમાં સારવાર લેવાની ઈમરજન્સી ઉભી થાય છે. પરંતુ હાલ એકબાજુ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. સેકટરોમાં ચારેતરફ સંક્રમિતની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. સેકટરોની શેરીઓમાં કોરોનાનો કહેર આક્રમક બનતા નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. આવા સંજોગોમાં કોરોનામાં ફેફસામાં ઈન્ફેશન વધતા દર્દીને રેમડેસિવિર ઈન્જેકશન આપવાની અનિવાર્યતા ઉભી થાય છે. પરંતુ હાલ રેમડેસિવિરના ઈન્જેકશન ઉપલબ્ધ ન થતા દર્દીઓ તેમજ તેમના સગાવ્હાલમાં દોડધામ મચી છે. ગાંધીનગરના એક પણ મેડિકલ સ્ટોર પર રેમડેસિવિર ઉપલબ્ધ નથી પાટનગરમાં જ કોરોનાના ભયજનક કાળમાં દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. જેના લીધે દર્દીઓમાં પણ અફડાતફડીનો માહોલ જોવા મળી રહ્યો છે. દર્દીના સગાવ્હાલા આખો દિવસ આ ઈન્જેકશનની શોધ કરે છે. સરકાર પાસે પણ આ વાતનો યોગ્ય જવાબ નથી. બીજીતરફ નગરની ખાનગી હોસ્પિટલમાં એક પણ બેડ ખાલી નથી. સરકારે નવા બેડ વધારવાની મંજુરી આપી છે પરંતુ ઓકિસજનની સુવિધા ધરાવતા એક પણ બેડ ગાંધીનગરની હોસ્પિટલમાં નથી જેના લીધે સ્થિતિ વધુ ખરાબ થઈ છે. કોરોનાના દર્દીઓનો ગ્રાફ રોજબરોજ ઉંચે આવી રહ્યો છે. જયારે સારવાર માટે પુરતી વ્યવસ્થાના અભાવે દર્દીઓએ પણ રસ્તે રઝળવાનો વારો આવ્યો છે. ખાનગી હોસ્પિટલ સહીત નગરની એક પણ દવાની દુકાન પર આ ઈન્જેકશન મળતુ નથી જેના લીધે કોરોનાના કહેર વચ્ચે નગરજનો વધુ ભયભીત બન્યા છે. અમદાવાદમાં પણ બે કીલોમીટરની લાંબી લાઈનમાં ઉભા રહેવા છતા દર્દીઆને ઈન્જેકશન મળતુ નથી. ગાંધીનગરમાં પણ હોસ્પિટલ તેમજ ઘરે સારવાર લેતા દર્દીઓ પૈકી ઘણાં કેસમાં રેમડેસિવિર ઈન્જેકશનની જરૂરિયાત ઉભી થતા દર્દીઓના સગા વ્હાલા નગરના મેડિકલ સ્ટોર પર ધક્કે ચઢતા જોવા મળે છે. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે આમ પણ નાગરિકોની હાલત ખરાબ છે. દવાની દુકોનો પર ભીડ જોવા મળી રહી છે. જયારે કોરોનાના આ સ્ટ્રેઈનમાં ફેફસા સુધી ઝડપથી ઈન્ફેકશન પહોંચી જતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે રેમડેસિવિર ઈન્જેકશનની ડિમાન્ડ વધી છે. પરંતુ શહેરની કોઈ ખાનગી હોસ્પિટલ તેમજ મેડિકલ સ્ટોર્સ પણ આ ઈન્જેકશન મળતુ ન હોવાથી દર્દીઓમાં અફડાતફડીનો માહોલ જોવા મળી રહ્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે આમ નાગરિકોમાં ફફડાટ પણ વધ્યો છે.

### જિલ્લામાં તાત્કાલિક રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ફાળવી આપો : ચાવડા

ગાંધીનગર જિલ્લાને તાત્કાલિક રેમડેસિવિર ઈન્જેક્શન ૨૫૦૦ ફાળવવામાં આવે તેવી માંગણી ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કરી છે.

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રને લખેલા એક પત્રમાં તેમણે ગાંધીનગર જિલ્લામાં વધતા જતા સંક્રમણનો ઉલ્લેખ કરી અને રેમડેસિવિર ઈન્જેક્શન તથા ટોમીલીઝુસેબ ઈન્જેક્શનનો જથ્થો ઉપલબ્ધ કરાવવા કહ્યુ છે.

તેમણે પત્રમાં જણાવ્યુ છે કે હોસ્પિટલો ભરાઈ ગઈ છે અને સંક્રમણ સતત વધી રહ્યુ છે. વારંવાર લોકો તેમની સમક્ષ આવી ઈન્જેક્શન માટે ભલામણ કરવા કહે છે પરંતુ હોસ્પિટલોમાં આ ઈન્જેક્શનનો જથ્થો ઉપલબ્ધ નથી. તેમણે તાત્કાલિક અસરથી આ જથ્થો ફાળવવામાં આવે તેવો આગ્રહ કરતાં જણાવ્યું છે કે સત્તાધારી પક્ષના પ્રમુખ માટે વ્યવસ્થા થઈ શકતી હોય તો અહિ દર્દીઓ માટે તાત્કાલિક વ્યવસ્થા કરી આપશો.

### હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જુઓ, બાજુવાળા અંકલ ફ્રુટ અને ઓક્સિજન લઈને તમને મળવા આવ્યા છે...!!

### કોરોનાના મામલે સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી સે-૨૨ પંચદેવ મંદિર બંધ રહેશે

કોરોનાના વધતા સંક્રમણના લીધે શહેરમાં રાત્રિ દરમિયાન કરફયુ જાહેર કરાયો છે. જયારે કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે કોરાનાના સંક્રમણને કાબુમાં લેવા માટે નાગરિકો પણ હવે જાગૃત બન્યા છે. આવા સંજોગોમાં સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર શહેર આસપાસના ગામો પણ જાગૃત બન્યા છે અને નાગરિકોને બિનજરૂરી ઘરની બહાર ન નિકળવા માટે પણ સતત અપીલ કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં સેકટરોમાં સ્થિત મંદિરો પણ સંક્રમણ કાળ દરમિયાન બંધ રાખવા માટે જાહેરાત કરવામાં આવી રહી છે. અગાઉ સે-૩ સાંઈબાબા મંદિર પણ બંધ રાખવાની જાહેરાત કરાઈ હતી જયારે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર પણ કોરોનાના વધતા સંક્રમણને ધ્યાને લઈ દર્શનાર્થીઓ માટે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. મંદિર કક્ષાએથી મળતી માહીતી મુજબ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે જયાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી મંદિર બંધ રહેશે. જેની ભાવિકોએ નોંધ લેવા પણ જણાવાયુ છે.



ઉનાળામાં પશુ-પંખીઓને પીવાના પાણીની ખૂબ જ તકલીફ પડે છે. જીવદયા પ્રેમીઓ આ બાબતનો ખ્યાલ રાખી રહ્યા છે. બગીચાઓમાં પાણીના મોટા મોટા કુંડા ભરીને મુકવામાં આવી રહ્યાં છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠેર ઠેર ભટકતા વાંદરાઓ કુંડાઓમાંથી પાણી પીને પોતાની તરસ છીપાવી રહ્યા છે. પંખીઓ માટે પણ આવા પાણી ભરેલાં કુંડા આશીર્વાદ સમાન બની રહ્યા છે.

### ખૂણેખાંચરેથી

- આજે બીજા શનિવારની રજા હોવા છતાં જિલ્લાની ઘણી બધી કચેરીઓ કાર્યરત જોવા મળી હતી.
- સરઢવ ગ્રામ પંચાયત અને વેપારી સંગઠનની મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ સવારે ૮ થી ૧૦ અને સાંજે ૫ થી ૮ સુધી દુકાનો ખુલશે. ખરીદીના સમયે પણ લોકોએ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાનું રહેશે.
- ખોરજ ગામમાં આજે સંપૂર્ણ લોકડાઉન રહેશે. મહુન્દ્રા ગ્રામ પંચાયતે પણ બજારની દુકાનો માટેના નિયમો બનાવી જાહેર કર્યા છે.
- સોમવારથી જિલ્લામાં કોરોના વેક્સીનેશન માટે ખાસ અભિયાન શરૂ કરવામાં આવશે. આ માટેનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાના દિવસે પણ ૧૨૦૦ જેટલા વ્યક્તીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૪૦૦ જેટલા લોકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાયા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૧૪૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં ૧૧૧૬ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટેના નમૂનાઓ લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર મનપાની ચૂંટણી સ્થગિત કરવાના પંચના નિર્ણયની વિધિવત્ જાહેરાત પછી રાજકીય પક્ષોએ બાંધેલા મંડપો છોડવાની કામગીરી શરૂ થઈ છે.
- ગાંધીનગરના અગ્રણી વેપારી અને અર્બન કો. ઓ. બેંકના મેનેજિંગ ડીરેક્ટર પ્રહલાદભાઈ પટેલ આગામી મંગળવારે અને બુધવારે ગાંધીનગરમાં સ્વૈચ્છિક લોકડાઉન પાળવા સૌ વેપારી સાથીઓ અને મંડળોને અપીલ કરી છે.

# કોરોનાનો હાહાકાર, નવા ૯૨ કેસ

## પેથાપુરમાં બે બાળકો સહિત ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં ૨૮ કેસ : કલોલમાં ૬ કેસ, દહેગામમાં ૩ કેસ અને માણસામાં ૧૧ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૪ માંથી ૬ કેસ, સે. ૨૮ અને ૨૬ માંથી ૫-૫ કેસ, જી.ઈ.બી., સે. ૮, સે. ૫, સે. ૨૯ માંથી ૪-૪ કેસ, સે. ૨૭ માંથી ૩ કેસ, સે. ૨૩ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૩, ૧૪, ૧૬, ૨૨, ૧૫, બોરીજ, સે. ૨૪ માંથી પણ એક-એક કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. જિલ્લામાં આજે ૯૨ કેસ નોંધાયા છે અને કોરોના મહામારી સ્થિતિ બેકાબુ બની ગઈ છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે ૪૮ કેસ નોંધાયા છે. અને ગાંધીનગર શહેરમાં ૪૪ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ૫ ટકાની નજીક પહોંચ્યો છે. તંત્ર પણ દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ સતત દોડધામમાં વ્યસ્ત બન્યુ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તે જોતાં પરિસ્થિતિ આગામી દિવસોમાં વધુ વણસી શકે છે તેમ તંત્રમાં અધિકારીઓ ખાનગીમાં કહી રહ્યા છે. જિલ્લામાં દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. બીજી તરફ રેમડેસિવિર ઈન્જેક્શન અને અન્ય દવાઓની માંગ પણ વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી જે કેસો બહાર આવી રહ્યા છે તેથી સંક્રમણને નાથવા માટે પંચાયતો અને સ્થાનિક વેપારીઓ પણ વસ્તુઓના વેચાણ માટેના સમયને નક્કી કરી લોકોને ઘરની બહાર ન નીકળવા અને સોસ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા, માસ્ક પહેરવા અંગેની ગ્રામજનોને અપીલ કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩ કેસ, કલોલમાં ૬ કેસ, માણસામાં ૧૧ કેસ, ગાંધીનગરમાં ૨૮ કેસ નોંધાયા છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે બે નાના બાળકો પણ સંક્રમિતોની યાદીમાં છે. આ બન્ને બાળકોની ઉંમર ૮ અને ૧૦ વર્ષ દર્શાવવામાં આવી છે. ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામે આ બે બાળકો સંક્રમિત થયા છે.

દહેગામ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ કેસ નોંધાયા છે. તાલુકાના કરોલી, ઝાંક અને કડજોદરામાં કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ૨૮ કેસ નોંધાતા તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ ગામમાં ૨૧ કેસ નોંધાયા છે.

તાલુકામાં વાવોલ, પેથાપુર અને સરગાસણમાં ૫-૫ કેસ તથા કુડાસણ અને રાંદેસણમાં ૩-૩ કેસ નોંધાયા છે. પેથાપુરમાં બે નાના બાળકો સહિત પાંચ કેસ નોંધાતા ગામમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા પણ વધવા પામી છે.

તાલુકાના આનંદપુરા, દોલારાણાવાસણા, રતનપુર, રાંધેજા, કોટેશ્વર, રાયસણ, નવા પાલજમાંથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં ૬ કેસ નોંધાયા છે. જેમાં બોરીસણા ગામમાંથી બે કેસ ઉપરાંત કલોલ અર્બન પલીયડ, આમજા, જામળામાંથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં ૧૧ કેસ નોંધાયા છે. માણસામાં કેસોની સંખ્યામાં આવેલા ઉછાળાથી તંત્રની ચિંતા વધી છે.

તાલુકામાં આજે માણસા અર્બનમાંથી ૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ચરાડા, ઈનદ્રપુરા, આટા-આંબા, પરબતપુરા, હિંમતપુરા, રીદ્રોલ, મોતીપુરા ગામમાંથી પણ કેસો મળી આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૪ દર્દીઓને સઘન સારવારની જરૂર જણાતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નવ વિદ્યાર્થીઓનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. ૭ કર્મયોગીઓ પણ સંક્રમિત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓમાં ૪૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૫૮૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૫ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લામાં ટ્રેકીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટની રણનીતિ પર કામગીરી ચાલી રહી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવતાં કહ્યુ છે કે આજે ૨૧૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી પર પણ ભાર મુકવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. ગાંધીનગર શહેરમાં આજે ૪૪ કેસ નોંધાયા છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે સંક્રમિત થનારાઓમાં ખાનગી શાળાનો સેવક, દાંતા તાલુકાનો શિક્ષક, એસ.ઓ.જી.ના પી.એસ.આઈ., સરદાર સરોવર નિગમના કર્મયોગી, બે જુનિ. ક્લાર્ક, જીઈબીનો સેવક, ડ્રાયવર, અધિકારી, નાયબ મામલતદાર, કર્મયોગી ભવનનો કર્મયોગી, પોલીસ, સિવિલ ઈજનેરનો સમાવેશ થાય છે.

આજે પણ મોટીવયના દર્દીઓની સંખ્યા નોંધપાત્ર છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળવના શરૂ થયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે બે શ્રમિકો પણ સંક્રમિત થયા હોવાનું બહાર આવ્યુ છે.

શહેરમાં આજે સે. ૪ માંથી ૬ કેસ, સે. ૨૮ અને ૨૬ માંથી ૫-૫ કેસ, જી.ઈ.બી., સે. ૮, સે. ૫, સે. ૨૯ માંથી ૪-૪ કેસ, સે. ૨૭ માંથી ૩ કેસ, સે. ૨૩ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૩, ૧૪, ૧૬, ૨૨, ૧૫, બોરીજ, સે. ૨૪ માંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કોરોનાના સંક્રમણને પગલે સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ધન્વંતરી રથની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૪૫૦ થી ઉપર પહોંચી છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ ૪૫૦ થી વધુ થઈ છે અને ૭ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

### શહેરમાં વધુ ૨૩ કોરોનાગ્રસ્ત દર્દીઓએ દમ તોડ્યો

વૈશ્વિક મહામારી કોરોના વિકરાળ બનતી જાય છે. રોજ બરોજ કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. કોરોનાના કેસ પાટનગરમાં સેન્સેકસની જેમ વધી રહ્યા છે. કોરોનાએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરવાસીઓ પણ ભયભીત બન્યા છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં કોરોના દર્દીઓથી ભરાઈ ગઈ છે. સિવિલમાં ૪૨૫ થી વધુ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. જેમાં ૧૬૦ જેટલા દર્દીઓ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓનો મૃત્યુઆંક પર ચિંતાગ્રસ્ત રીતે વધી રહ્યો છે. શહેરના મુકિતધામ ખાતે ૩૮ દર્દીઓના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. જેમાં ૨૩ કોરોના દર્દીઓની અંતિમ વિધી કરાઈ હતી.

રાજયના પાટનગરમાં પણ કોરોનાએ અજગરી ભરડો લીધો છે. કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. શહેરની કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ભરાઈ ગઈ છે. નવી બિલ્ડીંગ નીચે કોવીડ ઓપીડી દર્દીઓથી હાઉસફુલ જોવા મળી રહી છે. જયારે અર્બન હેલ્થ સેન્ટર ખાતે રોજના ૮૦૦ થી વધુ નાગરીકોના રેપીટ ટેસ્ટ કરાય છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે તંત્ર રાતદિવસ એક કરી રહ્યું છે. ત્યારે શહેરી વિસ્તારની સાથેસાથે કોરોના ગ્રામ્ય વિસ્તારમાં પણ ફરી વળ્યો છે. ઘરે ઘરે કોરોનાગ્રસ્ત દર્દીઓના ખાટલા જોવા મળી રહ્યા છે. દિવસે ને દિવસે કોરોના બેકાબુ બની ઘાતક સાબિત થઈ રહ્યો છે.

કોરોનાનો ચેપ ના લાગે તે માટે નાગરીકો દ્વારા સાવચેતી અને તકેદારી રાખવામાં આવે છે તેમ છતા નાગરીકો કોરોનાની ઝપેટમાં આવતા જાય છે. ત્યારે કોવીડ હોસ્પિટલમાં દર્દીઓ વધતા કોલવડા હોસ્પિટલ ખાતે દર્દીઓને મોકલી આપવામાં આવે છે. તો ઉપરાંત દર્દીઓની સાથે મૃતકોની સંખ્યા પણ વધી રહી છે. શહેરમાં મુકિતધામ ખાતે શનિવારના રોજ ૩૮ નાગરીકોના અંતિમ સંસ્કાર કરાયા છે. જેમાં ૨૩ કોરોના દર્દીઓની અંતિમવિધી મુકિતધામ અને સરગાસણ રૂદ્રભુમિ ખાતે કરવામાં આવી છે.